Saturday
15.08.2026
*Volume :11 * Issue No.42
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની મુલાકાત લઈ મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કર્યો



સંસ્કાર, સશક્તિકરણ અને સમય વ્યવસ્થાપન જ સફળતાની ચાવીઃમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



કોઈપણ કાર્યમાં પરસ્પર વિશ્વાસ અને સાથે મળીને કરવામાં આવતા પ્રબળ પ્રયાસો જ દેશને બમણી ગતિથી આગળ લઈ જાય છે :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## સોશિયલ મીડિયાના અવરોધને છોડી લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' મંત્ર જ પ્રગતિનો સાચો માર્ગ :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ







કમલમ્, અમરેલી

રાજ્યકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીના અવસરે અમરેલી પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે સંકુલની વિદ્યાર્થિનીઓ સાથે આત્મીય સંવાદ સાધી તેમને પ્રોત્સાહિત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી તરીકેની જવાબદારીઓ, વિદ્યાર્થીકાળના મૂલ્યો, નારી સશક્તિકરણ અને કારકિર્દી નિર્માણ જેવા અગત્યના વિષયો પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના ઉત્તર આપતાં મુખ્યમંત્રીશ્રીએ દેશના વિકાસમાં યુવાશક્તિ અને નારીશક્તિના યોગદાનને ઉજાગર કર્યું હતું. મુખ્યમંત્રી તરીકેની ભૂમિકા અને જવાબદારી વિશે પ્રશ્નનો જવાબ આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના વડા તરીકે રાજ્યના સર્વાંગી વિકાસની સંપૂર્ણ જવાબદારી મુખ્યમંત્રીની હોય છે. નાગરિકોની જન સુખાકારી અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીએ કામ કરવાનું હોય છે. રાજકારણમાં મહિલાઓની ભાગીદારી અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે કરવામાં આવેલા ૩૩ ટકા અનામતના ઐતિહાસિક નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા ભાગીદારી બાદ હવે વિધાનસભા અને લોકસભામાં પણ મહિલાઓની ભાગીદારી વધવાથી સમાજના પ્રશ્નો અને કાયદા ઘડતરની પ્રક્રિયામાં નારીશક્તિનું યોગદાન વધશે. 'સારા નાગરિક તરીકે વિદ્યાર્થીઓએ શું શીખવું જોઈએ? એવા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, નિર્દોષ મજાક-મસ્તી વિદ્યાર્થી જીવનનો ભાગ છે, પરંતુ આપણી રમત કે વર્તનથી કોઈ અન્ય વ્યક્તિ દુભાય કે હેરાન થાય તે યોગ્ય નથી. આપણા સંસ્કાર જ આપણી ઓળખ છે. કારકિર્દી ઘડતર અંગે સલાહ આપતાં મુખ્યમંત્રીશ્રીએ સોશિયલ મીડિયા, ટીવી અને રીલ્સના વધુ પડતા ઉપયોગ સામે સાવધાની વર્તવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, આજના યુગમાં પ્રલોભનો અને સમય બગાડતા સાધનો ખૂબ છે. સફળતા મેળવવા માટે વિદ્યાર્થીઓએ સમયનું યોગ્ય આયોજન કરવું પડશે. કારકિર્દી ઘડવા માટે એકાગ્રતા જ સૌથી મોટો મંત્ર છે. વડાપ્રધાનશ્રીના મંત્રને યાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'સૌનો સાથ, સૌનો વિકાસ' સાથે 'સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' પણ એટલા જ મહત્વના છે. કોઈપણ કાર્યમાં પરસ્પર વિશ્વાસ અને સાથે મળીને કરવામાં આવતો પ્રબળ પ્રયાસ જ દેશને અને સમાજને બમણી ગતિથી આગળ લઈ જઈ શકે છે. સ્વાગત પ્રવચનમાં ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, ૧૯૯૭માં માત્ર ૭૩ દીકરીઓથી શરૂ થયેલું ગજેરા સંકુલ આજે વટવૃક્ષ બન્યું છે. આ સંસ્થામાં બાળમંદિરથી લઈને પીજી સુધી ૧૨થી વધુ સ્કૂલ-કોલેજોમાં ૮,૦૦૦ જેટલી દીકરીઓ અભ્યાસ કરી રહી છે. મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા દીકરીઓ માટે ચલાવવામાં આવતી 'નમો લક્ષ્મી', 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના', 'બિનઅનામત કેટેગરી સહાય' અને 'ડિજિટલ ગુજરાત' જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત સંકુલની વિદ્યાર્થીનીઓને કરોડો રૂપિયાની મળેલી સીધી આર્થિક સહાય બદલ રાજ્યસરકાર અને મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સંબોધનમાં રાજ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને અમરેલી પ્રત્યેના વિશેષ સ્નેહની સરાહના કરતા જણાવ્યું હતું કે, વાત શિક્ષણની હોય કે સમગ્ર અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસની, રાજ્ય સરકારની કલ્યાણકારી નીતિઓ અને સતત માર્ગદર્શનના કારણે આજે અમરેલી જિલ્લો વિકાસના માર્ગે ઝડપી ગતિથી આગળ વધી રહ્યો છે. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી અને અમરેલી જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, સંસ્થાના પ્રમુખ શ્રી મનુભાઈ ડુંમર, ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ જોગાણી, મંત્રી શ્રી મનુભાઈ ડાવરીયા, અગ્રણી શ્રી અતુલભાઈ કાનાણી અને શ્રી અભયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સાહજિકતા અને સરળતા



કમલમ્, અમરેલી

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી પૂર્વે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સાવરકુંડલા રોડ સ્થિત શેલ્ટર હાઉસના પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રીશ્રી અન્ય કાર્યક્રમ માટે રવાના થયા હતા, જોકે, કારમાં બેસી ગયા બાદ તેમણે બહાર ઉપસ્થિત સ્થાનિક અગ્રણીશ્રીઓને જોયા. તેમને મળવાની સહજ ઈચ્છાથી મુખ્યમંત્રીશ્રીએ પોતાની કાર થોભાવી અને બહાર નીકળીને અગ્રણીશ્રીઓ સાથે આત્મીયતાપૂર્ણ મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીની આ સહજ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિકો સાથે હળવાશભર્યો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીનો આ સરળ અને લાગણીસભર અભિગમ ઉપસ્થિત સૌ માટે યાદગાર બની રહ્યો હતો. મુખ્યમંત્રીશ્રીની સામાન્ય વ્યક્તિ અને સ્થાનિક અગ્રણીશ્રીઓ પ્રત્યેની આત્મીયતા, સહજતા અને સરળતા તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. અમરેલીમાં બનેલી આ ઘટના તેમના સરળ અને સંવેદનશીલ વ્યક્તિત્વનું જીવંત ઉદાહરણ બની હતી.

શૌર્ય, સાહસ અને સજ્જતાનો સંગમ

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીમાં નિહાળ્યું ગુજરાત પોલીસનું શસ્ત્ર પ્રદર્શન

## ચેતક કમાન્ડો સહિતના દળોની શસ્ત્ર શક્તિ નિહાળી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસને બિરદાવી










રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર ખાતે ગુજરાત પોલીસનું શસ્ત્ર પ્રદર્શન

કમલમ્, અમરેલી,

દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલી પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સમર્થ વ્યાયામ મંદિર ખાતે ગુજરાત પોલીસ દ્વારા આયોજિત શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસ તથા ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે ઉપયોગમાં લેવાતા આધુનિક શસ્ત્રો, સાધનો અને સુરક્ષા ઉપકરણોનું નિરીક્ષણ કરી તેમની વિશેષતાઓ અંગે માહિતી મેળવી હતી. પ્રદર્શનમાં ૭.૬૨ મીમી સ્નાઈપર રાઈફલ (ઈશાપોર), ગેલિલ સ્નાઈપર રાઈફલ, એન્ટી મટિરિયલ રાઈફલ, એકે-૪૭, ૭.૬૨ મીમી ઘાતક રાઈફલ, સિગ સોઅર ૫.૫૬ મીમી એસએફ રાઈફલ, એક્સકેલિબર અને ઈન્સાસ રાઈફલ સહિતની આધુનિક રાઈફલો રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૩૦ મીમી ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર, ૪૦ મીમી અન્ડર બેરલ ગ્રેનેડ લોન્ચર, ગ્લોક પિસ્તોલ, એમપી-૫ સબ-મશીનગન, જેવીપીસી અને અમોઘ કાર્બાઈન સહિતના શસ્ત્રો પણ પ્રદર્શિત કરાયા હતા. કોર્નર શોટ સિસ્ટમ, નાઈટ વિઝન ટેક્નોલોજી, ઓપ્ટિકલ સાધનો, રેપલિંગ સાધનો તેમજ મલ્ટી સેલ લોન્ચર, ગેસગન અને ટેઝરગન જેવા બિનઘાતક સાધનો પણ પ્રદર્શનનું વિશેષ આકર્ષણ રહ્યા હતા. આધુનિક શસ્ત્રો, ટેક્નોલોજી અને વિશેષ તાલીમના સુમેળથી ચેતક કમાન્ડો ફોર્સની વિશેષ કામગીરી ક્ષમતાની ઝલક જોવા મળી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસની સજ્જતા, શૌર્ય અને કાર્યક્ષમતાને બિરદાવી હતી. આ પ્રસંગે કૃષિ મંત્રી તથા અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, પોલીસ મહા નિર્દેશકશ્રી આર.વી. અસારી, જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત સહિતના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતમાં સૌર મોડ્યુલ ઉત્પાદન ઉદ્યોગ દ્વારા સામનો કરવામાં આવતા મુખ્ય મુદ્દાઓને સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાની કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીને રજૂઆત







કમલમ્,

"આત્મનિર્ભર ભારત", "મેક ઈન ઈન્ડિયા" અને સ્વચ્છ ઉર્જા જેવા ક્ષેત્રોમાં ભારત સરકારના નોંધપાત્ર પ્રયાસોના પરિણામે ભારતમાં સૌર મોડ્યુલ ઉત્પાદન ઉદ્યોગ ઝડપથી વિકસ્યો છે. ગુજરાત સહિત દેશભરના ઘણા ઉદ્યોગપતિઓએ આ ક્ષેત્રમાં ભારે રોકાણ કર્યું છે અને ઉત્પાદન ક્ષમતા વિકસાવી છે. જોકે, હાલમાં આ ઉદ્યોગ અનેક ગંભીર પડકારોનો સામનો કરી રહ્યો છે, જેને ઉકેલવા માટે તમારા મંત્રાલય દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે.

ઉદ્યોગ દ્વારા નીચેના મુખ્ય મુદ્દાઓ મારા ધ્યાન પર લાવવામાં આવ્યા છે:

૧. ALMM, (મૉડલ્સ અને ઉત્પાદકોની મંજૂર સૂચિ) સિસ્ટમમાં સુધારા: વર્તમાન ALMM, સિસ્ટમ ભારતીય ઉત્પાદકો માટે સ્પર્ધાત્મક પડકારો ઉભા કરી રહી છે. તેથી, ALMM સૂચિની જોગવાઈઓની સમીક્ષા કરવી જોઈએ અને સ્થાનિક ઉદ્યોગના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી સુધારા કરવા જોઈએ.

૨. DCR (ડોમેસ્ટિક કન્ટેન્ટ રિક્વાયરમેન્ટ) નીતિનો અસરકારક અમલ: સરકારી યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં સ્થાનિક ઉત્પાદકોને પૂરતી તકો પૂરી પાડવા અને આયાતી ઉત્પાદનો પર નિર્ભરતા ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે DCR નીતિ વધુ અસરકારક અને વ્યાપક રીતે લાગુ કરવી જોઈએ.

૩. નિકાસ પ્રમોશન અને PLI યોજનામાં જરૂરી સુધારા: ભારતીય ઉત્પાદકોને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બનાવવા માટે, PLI યોજનાની જોગવાઈઓની સમીક્ષા કરવી જોઈએ અને નિકાસલક્ષી ઉત્પાદનને વધારાના પ્રોત્સાહનો આપવા જોઈએ.

૪. ALMM લિસ્ટેડ ઉત્પાદકોને પ્રાથમિકતા: ALMM લિસ્ટેડ ભારતીય ઉત્પાદકોને કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ સૌર પ્રોજેક્ટ્સમાં પ્રાથમિકતા આપવી જોઈએ, જેથી સ્થાનિક ઉત્પાદન ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ થઈ શકે.

૫. ગુણવત્તા ધોરણો અને વાજબી સ્પર્ધાને પ્રોત્સાહન: ઓછી ગુણવત્તાવાળા આયાતી ઉત્પાદનોને અસરકારક રીતે નિયંત્રિત કરીને ભારતીય ઉદ્યોગ માટે સમાન અને વાજબી સ્પર્ધાત્મક વાતાવરણ સુનિશ્ચિત કરવું જોઈએ.

૬. સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વધારાની નીતિ સહાય. સૌર મોડ્યુલ ઉત્પાદન ઉદ્યોગમાં રોકાણ, રોજગાર અને તકનીકી વિકાસને પ્રોત્સાહન આપવા માટે કર પ્રોત્સાહનો, નાણાકીય સહાય અને અન્ય જરૂરી નીતિગત પગલાં ધ્યાનમાં લેવા જોઈએ.

૭. દેશના ૫૦% સોલાર પેનલ ઉત્પાદન એકમો મારા સંસદીય મતવિસ્તાર સુરત જિલ્લામાં સ્થિત છે. આ એકમો મળીને ૨૦૦ મેગાવોટ સોલાર પેનલનું ઉત્પાદન કરે છે. સોલાર સેલ વિના સોલાર પેનલનો કોઈ અર્થ નથી. ૨૦૦ મેગાવોટ સોલાર પેનલ ચલાવવા માટે જરૂરી સોલાર સેલની તુલનામાં, આપણો દેશ ફક્ત ૧૫% સોલાર સેલનું ઉત્પાદન કરે છે.

તેથી, તમને વિનંતી છે કે જ્યાં સુધી ભારત પૂરતું સ્થાનિક ઉત્પાદન અને પુરવઠા ક્ષમતા વિકસાવે નહીં ત્યાં સુધી સૌર કોષોની આયાતને મંજૂરી આપો. આનાથી સ્થાનિક મોડ્યુલ ઉત્પાદન ઉદ્યોગનું સતત સંચાલન સુનિશ્ચિત થશે, નોકરીઓનું રક્ષણ થશે અને ભારતના નવીનીકરણીય ઊર્જા લક્ષ્યોની સમયસર સિદ્ધિ સુનિશ્ચિત થશે. વધુમાં, એકવાર પૂરતી સ્થાનિક ઉત્પાદન ક્ષમતા સ્થાપિત થઈ જાય, પછી આયાત પ્રતિબંધો તબક્કાવાર દૂર કરી શકાય છે.

## તંત્રી સ્થાનેથી......

અમદાવાદ દ્વારા ગાંધીનગર ખાતે "વાર્તા" કાર્યક્રમ હેઠળ એક વિશેષ મીડિયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો મુખ્ય વિષય "ક્રિએટિવ પ્રોડક્શન અને મીડિયા અને ટેલિવિઝન માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ" હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર, ગાંધીનગરના કલેક્ટર, PIB ના મહાનિદેશક તેમજ ક્ષેત્રના અગ્રણી વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, આજનો સમય ટેકનોલોજીનો છે અને AI હવે માત્ર આઈટી ક્ષેત્ર પૂરતું મર્યાદિત નથી. મીડિયા, પત્રકારત્વ, ટેલિવિઝન, ફિલ્મ, ડિજિટલ કન્ટેન્ટ, વિડીયો પ્રોડક્શન અને સોશિયલ મીડિયા જેવા દરેક ક્ષેત્રમાં AI નવી શક્યતાઓ ઊભી કરી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં 'ઈન્ડિયા AI મિશન' જેવી પહેલો દ્વારા ભારત ટેકનોલોજીને નવીનતા અને વિકાસનું સાધન બનાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, લોકશાહીના ચોથા સ્તંભ તરીકે મીડિયાએ ઝડપની સાથે સાથે ખોટી કે ભ્રામક માહિતી સામે સત્ય, વિશ્વસનીયતા અને જવાબદારી જાળવી રાખવી ખૂબ જરૂરી છે. તેમણે સમાચારની તથ્ય ચકાસણીના મહત્વ પર પણ ભાર મૂક્યો અને જણાવ્યું કે ચકાસણી વિનાની અથવા ભ્રામક માહિતી સમાજમાં નકારાત્મકતા ફેલાવી શકે છે તેથી તેને ટાળવી જરૂરી છે. ગાંધીનગરના કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલેએ લોકશાહીના ચાર સ્તંભો (એક્ઝિક્યુટિવ, લેજિસ્લેચર, જ્યુડિશિયરી અને મીડિયા) વચ્ચેના 'ચેક એન્ડ બેલેન્સ' અંગે વાત કરતા જણાવ્યું હતું કે, મીડિયા સમાજમાં એક તટસ્થ નિરીક્ષક તરીકે કામ કરે છે. અગાઉના સમયમાં ગહન સંશોધન અને આર્ટિકલ્સ લખવા માટે કલાકો સુધી પુસ્તકો અને ડેટા ચકાસવો પડતો હતો, પરંતુ AI ટૂલ્સના કારણે આ સંશોધન હવે ગણતરીની મિનિટોમાં શક્ય બન્યું છે. AI ના કારણે પત્રકારોનો બિન-ઉત્પાદક સમય બચશે, જેથી તેઓ રચનાત્મક પાસાઓ અને સમાજ સુધી સાચો સંદેશ પહોંચાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. તેમણે મીડિયાને કટિંગ-એજ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાનું કૌશલ્ય અપગ્રેડ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. PIB અમદાવાદના ડાયરેક્ટર જનરલ શ્રી પ્રશાંત પાઠરાબેએ વ્યવહારુ ઉદાહરણો આપતા સમજાવ્યું હતું કે, પ્રેસ કોન્ફરન્સના વિડીયો, સ્પીચ અને બેકગ્રાઉન્ડર જેવા ઈનપુટ્સ AI માં ફીડ કરીને રોજની ન્યૂઝ સ્ટોરી ફાઈલ કરવાનું કામ ખૂબ સરળ અને ઝડપી બનાવી શકાય છે. સંશોધન, રેટિંગ, લેખન અને સ્પોર્ટ્સ કે ઈવેન્ટ્સની હિસ્ટ્રી શોધવામાં AI સર્ચ સામાન્ય ગૂગલ સર્ચ કરતાં વધુ સચોટ અને બહેતર આઉટપુટ આપે છે. તેમણે જણાવ્યું કે, PIB દ્વારા યોજાયેલી આ કાર્યશાળાનો હેતુ મીડિયાના મિત્રોને અનુભવી ટ્યુટોરિયલ્સ અને વિડીયો દ્વારા પ્રોડક્શન, એનિમેશન અને ફિલ્મ્સમાં AI ના ઉપયોગની પ્રેક્ટિકલ સમજ આપવાનો છે. વર્કશોપના પ્રથમ વિષય નિષ્ણાત શ્રી જોસેફ જોશી (ચીફ ટેકનોલોજી ઓફિસર, IFS CA) એ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષોની સરખામણીએ ન્યૂઝરૂમની કાર્યશૈલી સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. સંશોધન, સમરાઈઝેશન, ટ્રાન્સક્રિપ્શન, ટ્રાન્સલેશન, એડિટિંગ અને આઈડિયા જનરેશનમાં AI નો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. પત્રકારનું મૂળ કૌશલ્ય હવે માત્ર 'ટાઈપિંગ સ્પીડ' પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે માનવ ક્ષમતાઓ જેમ કે - જજમેન્ટ (નિર્ણય શક્તિ), વેરિફિકેશન (સત્યાપન) અને ઓરિજિનાલિટી (મૂળભૂતતા) સૌથી આગળ આવી ગઈ છે.

# મહેસાણામાં પ્રભારી મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની આગેવાનીમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ: દેશભક્તિના રંગે રંગાયું સમગ્ર શહેર

કમલમ્, મહેસાણા

મહેસાણા ખાતે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ આ ભવ્ય તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ માત્ર યાત્રાનું પ્રસ્થાન જ કરાવ્યું નહોતું, પરંતુ સમગ્ર યાત્રા દરમિયાન સ્વયં સહભાગી થઈને મહેસાણાના નગરજનો અને યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો, જેનાથી સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ તિરંગા યાત્રામાં મહેસાણા મહાનગરપાલિકાના મેયર શ્રીમતી સોનલબેન ઓઝા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નીતિનભાઈ પટેલ, અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, સુખાજી ઠાકોર, અગ્રણી સર્વે શ્રી નટુજી ઠાકોર, શ્રીમતી શારદાબેન પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી શાલિની દુહાન, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, ડેપ્યુટી મેયર શ્રી રમેશભાઈ રાજપૂત, નિવાસી અધિક કલેક્ટર શ્રી મયંક પટેલ સહિતના સહભાગી થયા હતા. મહેસાણાના એસપી ગ્રાઉન્ડથી શરૂ થયેલી આ ઐતિહાસિક યાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે બસ સ્ટેશન, ફુવારા સર્કલ, હૈદરી ચોક અને જિલ્લા પંચાયત કચેરી આગળથી પસાર થઈ ફરી એસપી ગ્રાઉન્ડ ખાતે પરત ફરી હતી. યાત્રાના સમગ્ર રૂટ પર નાગરિકોએ રાષ્ટ્રધ્વજ સાથે જોડાઈને ભારત માતાના જયઘોષ કરી વાતાવરણને ગુંજવી દીધું હતું. યાત્રાના આકર્ષણમાં વધારો કરતા પોલીસના ઘોડેસવારો અને બાઈક રાઈડર્સ તથા જવાનો શિસ્તબદ્ધ રીતે જોડાયા



હતા. આ સાથે મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ હાથમાં ત્રિરંગો લહેરાવી દેશભક્તિનો સંદેશ પ્રસારિત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા. મહેસાણામાં યોજાયેલી આ યાત્રાએ જન-જનમાં દેશપ્રેમ અને એકતાની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી. આ તિરંગા યાત્રામાં પોલીસ જવાનો, હોમગાર્ડના જવાનો તેમજ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

તિરંગા યાત્રાના રૂટમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનો અને દેશની એકતા તથા અખંડિતતાનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવાનો હતો. પ્રભારી મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિએ સ્થાનિક લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું અને લોકોએ સ્વયંભૂ રીતે આ રાષ્ટ્રીય મહોત્સવમાં જોડાઈને પોતાની રાષ્ટ્રભક્તિ પ્રદર્શિત કરી હતી.

## 'હર ઘર તિરંગા' અંતર્ગત સિદ્ધપુરના શહીદ ચિરાગ ચૌહાણના પરિવારની મુલાકાત લઈ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે કર્યું સન્માન

**દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીર સપૂતના પરિવારજનોને તિરંગો અર્પણ કરી શહાદતને કર્યું વંદન**





કમલમ્,

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રેરક આહ્વાનથી ચાલી રહેલા 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત માનનીય ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સિદ્ધપુરના વીર શહીદ ચિરાગ એમ. ચૌહાણના પરિવારજનોની મુલાકાત લઈ તેમને વંદન કરવાનો અવસર પ્રાપ્ત કર્યો. તા. ૨૩ મે, ૨૦૦૮ના રોજ જમ્મુ-કાશ્મીરના લોઅર મુંડા ખાતે દેશની સુરક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર શહીદ ચિરાગભાઈની શહાદત સમગ્ર સિદ્ધપુર, ગુજરાત અને દેશ માટે ગૌરવ અને પ્રેરણાની બાબત છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ શહીદના પરિવારજનોને રાષ્ટ્રધ્વજ તિરંગો અર્પણ કરી સન્માનિત કર્યા અને દેશ માટે જીવન સમર્પિત કરનાર વીર સપૂતની સ્મૃતિને હૃદયપૂર્વક નમન કર્યું. તેમણે જણાવ્યું કે, "શહીદોના ત્યાગ અને બલિદાનને કારણે જ આજે આપણે શાંતિથી જીવી રહ્યા છીએ. દેશ સદાય તેમના બલિદાનને યાદ રાખશે. આ પવિત્ર કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી, APMC ચેરમેનશ્રી, નગરપાલિકાના સદસ્યશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શહીદ પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ મુલાકાત દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાનને સાચા અર્થમાં સાર્થકતા મળી અને રાષ્ટ્રભક્તિની ભાવના વધુ દ્રઢ બની.

## ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ લહેરાવી 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાયા

**માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના આહવાનને સાકાર કરતા નગરના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



કમલમ્,

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા દેશભરમાં શરૂ કરાયેલ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પોતાના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ લહેરાવી તિરંગાને ગૌરવપૂર્વક નમન કર્યું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે "તિરંગાની શાનમાં ભારતની એકતા, અખંડિતતા, સ્વાભિમાન અને દેશ માટે શહીદ થયેલા વીરોના અમર બલિદાનની ગાથા સમાયેલી છે. આવો, આપણે સૌ તિરંગાના સન્માન સાથે રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવીએ અને દરેક ઘરે તિરંગો લહેરાવીએ. 'હર ઘર તિરંગા' અભિયાનને સફળ બનાવવા માટે નગરના તમામ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો નગર પાલિકા પ્રમુખ અને ઉપ પ્રમુખશ્રી તાલુકા ભાજપ પ્રમુખશ્રી અને શહેર ભાજપ પ્રમુખશ્રી નગર પાલિકાના સદસ્યશ્રીઓ તાલુકા અને શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ APMC ચેરમેનશ્રી મહિલા મોરચા અને યુવા મોરચાના હોદ્દેદારો સંગઠનના અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓ આ પ્રસંગે તમામ ઉપસ્થિતોએ દેશભક્તિના ગીતો સાથે તિરંગાને સલામી આપી અને દેશની એકતા-અખંડિતતાનો સંકલ્પ લીધો.

# હવે શિક્ષકો તથા GSRTCના કર્મયોગીઓ માટે આરોગ્ય તપાસ અને મેડિકલ અભિપ્રાય મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનશે

**શિક્ષકો અને GSRTCના કર્મચારીઓની રજૂઆત પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાનો કર્મચારી હિતલક્ષી નિર્ણય**

### અમદાવાદની સોલા GMERS હોસ્પિટલ ખાતે 'સ્થાયી તબીબી મંડળ'ની રચના કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય

કમલમ્,

અમદાવાદ સ્થિત સોલા GMERS હોસ્પિટલ ખાતે નવા 'સ્થાયી તબીબી મંડળ'ની રચના કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ કર્યો છે. રાજ્યના વિદ્યાસહાયકો, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વર્ગ-૩ના શિક્ષકો તેમજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની રજૂઆતને હકારાત્મક વાચા આપતો સંવેદનશીલ નિર્ણય કરવામાં આવ્યો છે. નવા 'સ્થાયી તબીબી મંડળ'ની રચના થવાથી કર્મચારીઓની આરોગ્ય વિષયક તપાસ અને મેડિકલ અભિપ્રાય મેળવવાની સમગ્ર પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનશે. આ સુવિધાના પરિણામે કર્મચારીઓને સમયસર તબીબી રિપોર્ટ મળી રહેશે, જેનાથી બદલી સંબંધિત તેમની રજૂઆતો અને અરજીઓનો નિકાલ પણ ઝડપથી શક્ય બનશે. ઉલ્લેખનીય છે કે, શિક્ષકો તેમજ GSRTC ના કર્મચારીઓએ આરોગ્ય વિષયક કારણોસર આંતર-જિલ્લા બદલી મેળવવા માટે સૌથી જરૂરી તબીબી પ્રમાણપત્ર લેવાની પ્રક્રિયા સરળ બનાવવા અંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાને રજૂઆત કરી હતી. તેમની આ રજૂઆતને હકારાત્મક અભિગમ દાખવીને કર્મયોગીઓની સરળતા માટે આ નવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજ્ય સરકાર કર્મચારીઓના કલ્યાણ અને સુશાસનના અભિગમ સાથે કામ કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વિવિધ વર્ગના કર્મચારીઓની સુવિધા અને તેમના હિત માટે સતત નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના પ્રયાસોથી લેવાયેલો આ નિર્ણય રાજ્યના હજારો વિદ્યાસહાયકો, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વર્ગ-૩ના શિક્ષકો તેમજ GSRTC ના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.



મેડીકલ બોર્ડની રચનાથી કર્મચારીઓને મેડીકલ કારણોસર આંતર-જિલ્લા બદલી માટે જરૂરી તબીબી પ્રમાણપત્ર-અભિપ્રાય સરળતાથી મળશે: આરોગ્ય મંત્રીશ્રી

**હર ઘર તિરંગા અભિયાન : ભાવનગર**

# તિરંગાની આન-બાન-શાન સાથે ભાવનગર બન્યું તિરંગામય : ભવ્ય તિરંગા યાત્રામાં છવાયો દેશભક્તિનો અદમ્ય જુસ્સો

**કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, મેયર શ્રીમતી ઉષાબેન તલરેજા, ધારાસભ્યશ્રી સેજલબેન પંડ્યા સહિતના મહાનુભાવોએ એ.વી.સ્કૂલ મેદાનથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો**



### અશ્વદળ, બાઇકર્સ, પોલીસ-શાળા બેન્ડ અને રાસ-ગરબાની પ્રસ્તુતિઓ બન્યાં આકર્ષણનું કેન્દ્ર

### પદાધિકારીઓ, અધિકારીઓને, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા

કમલમ્, ભાવનગર

રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લામાં વિવિધ દેશભક્તિસભર કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે ભાવનગર શહેરમાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, મેયર શ્રીમતી ઉષાબેન તલરેજા, ધારાસભ્યશ્રી સેજલબેન પંડ્યા સહિતના મહાનુભાવોએ એ.વી. સ્કૂલ મેદાનથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું અને યાત્રામાં જોડાઈ દેશભક્તિના ઉત્સાહને વધુ વેગ આપ્યો હતો. જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી. કેડેટ્સ તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાતા સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયું હતું.

સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે યોજાયેલી આ યાત્રા એ.વી. સ્કૂલ મેદાનથી પ્રસ્થાન કરી ગરાસિયા બોર્ડિંગ, ભીડભંજન, ઘોઘા ગેટ, એમ.જી. રોડ, વોરા બજારનું નાકું, બાર્ટન લાઈબ્રેરી, હલુરિયા, શહીદ સ્મારક અને કાવેરી કોમ્પ્લેક્સ ચોક સહિતના માર્ગો પરથી પસાર થઈ પુનઃ એ.વી. સ્કૂલ મેદાન ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રાના રૂટ પર શાળાના વિદ્યાર્થીઓ અને યુવાનોએ પરંપરાગત સાંસ્કૃતિક વેશભૂષામાં દેશભક્તિસભર વિવિધ કૃતિઓ રજૂ કરી યાત્રિકોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. અશ્વદળ, બાઈકર્સ, પોલીસ બેન્ડ, શાળા બેન્ડ તેમજ રાસ-ગરબાની પ્રસ્તુતિઓએ યાત્રામાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. તિરંગા યાત્રા શહેરના માર્ગો ઉપરથી પસાર થઈ ત્યારે 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાથી માર્ગો ગુંજી ઉઠ્યા હતા. યાત્રાના પ્રારંભે ધ વેવ્સ એન્ટરટેઈનમેન્ટના ડૉ. નિરવ પંડ્યા અને જ્વલંત ભટ્ટના સંગીત સંચાલનમાં દેશભક્તિના ગીતો પ્રસ્તુત થયાં હતાં. આ પ્રસંગે ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, આગેવાન કુમારભાઈ શાહ, રેન્જ આઈ.જી. શ્રી આર.બી.અસારી, કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીના, જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેક્ટર એન.ડી.ગોવાણી, નાયબ કમિશનર જે.એન.મહેતા સહિત અધિકારીઓ-કર્મચારીઓ, એન.સી.સી. કેડેટ્સ, માજી સૈનિકો તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં સહભાગી થયાં હતા.

**દેશભક્તિના રંગે રંગાયું હિંમતનગર**

# હિંમતનગર ખાતે પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની પ્રેરક ઉપસ્થિતિમાં 'હર ઘર તિરંગા' યાત્રા સંપન્ન



### આઝાદીના પર્વ નિમિત્તે હિંમતનગરના માર્ગો પર ઉમટી જનમેદની; પોલીસ બેન્ડ અને શસ્ત્રકલાના પ્રદર્શને આકર્ષણ જમાવ્યું

કમલમ્, ઈકબાલ મેમણ

હિંમતનગર ખાતે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આજે એક ભવ્ય તિરંગા યાત્રા અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ ઐતિહાસિક યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીશ્રીએ માત્ર યાત્રાનું પ્રસ્થાન જ કરાવ્યું નહોતું, પરંતુ સમગ્ર માર્ગ દરમિયાન સ્વયં પદયાત્રા કરી હિંમતનગરના નગરજનો અને યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો, જેનાથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ રાષ્ટ્રીય મહોત્સવમાં મંત્રીશ્રીની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલ, સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, ધારાસભ્ય શ્રી વી ડી ઝાલા, અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શ્રી જે.ડી. પટેલ, શ્રી સિદ્ધાર્થ પટેલ તેમજ જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ અને પોલીસ અધિક્ષક શ્રી પાર્થરાજ સિંહ ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. મહાનુભાવોની ઉપસ્થિતિએ સ્થાનિક લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું અને લોકોએ સ્વયંભૂ રીતે આ રાષ્ટ્રીય મહોત્સવમાં જોડાઈને પોતાની રાષ્ટ્રભક્તિ પ્રદર્શિત કરી હતી. હિંમતનગરના કેશવ કોમ્પલેક્ષથી પ્રારંભ થયેલી આ તિરંગા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરીને મોતીપુરા સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી. જ્યાં પ્રભારી મંત્રી શ્રી અને મહાનુભાવોએ મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. યાત્રામાં નાગરિકો, યુવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ હાથમાં ત્રિરંગો લહેરાવી જોડાયા હતા. યાત્રાના સમગ્ર રૂટ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને વિવિધ સ્થળોએ નગરજનો દ્વારા પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન પોલીસ બેન્ડના જવાનોની સુરાવલીઓ અને તલવાર સાથે શસ્ત્રકલા પ્રદર્શિત કરતી યુવતીઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આ સાથે જ પોલીસ જવાનો, હોમગાર્ડના જવાનો અને વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે જોડાઈને દેશભક્તિનો પ્રબળ સંદેશ પ્રસારિત કર્યો હતો. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનો અને દેશની એકતા તથા અખંડિતતાનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવાનો રહ્યો છે. હિંમતનગરમાં યોજાયેલી આ યાત્રાએ જન-જનમાં દેશપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી એકતાનું અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ગુજરાત સરકાર



# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...



૮૦મું સ્વાતંત્ર્ય પર્વ અમરેલી ૨૦૨૬

૧૫ ઑગસ્ટ રાજ્ય મહોત્સવ

ગૌરવ, એકતા અને ઉત્સવનો અવસર

માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની

ગરિમામયી ઉપસ્થિતિમાં

### રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ

**તારીખઃ** ૧૫ ઑગસ્ટ-૨૦૨૬, શનિવાર,
**સવારેઃ** ૯.૦૦ વાગે, **સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી

## વિકાસના માર્ગે અડીખમ ગુજરાત



**ખેડૂત કલ્યાણ**
અન્નદાતાની મહેનતને મળ્યો ટેકનોલોજીનો સાથઃ I-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' એપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ



**જનજાતિય સમૃદ્ધિ**
વનવાસી સુધી પહોંચી સમૃદ્ધિઃ તમામ આદિવાસી જિલ્લાઓમાં ઉત્કૃષ્ટ શિક્ષણ વ્યવસ્થા, આધુનિક આરોગ્ય અને પાકા રસ્તાઓની સુગમતા



**આરોગ્ય સુવિધા**
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવારઃ ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હોસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત



**યુવા વિકાસ**
'વિકસિત ગુજરાત' ના નિર્માણમાં યુવાઓની સહભાગિતાઃ 'શક્તિદૂત ૨.૦' યોજનાનો શુભારંભ



**શહેરી વિકાસ**
વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે શહેરોને મળી નવી ઓળખઃ પ્રદૂષણમુક્ત ઇ-બસ સેવાઓ અને સ્માર્ટ સિટીઝ દ્વારા સુવિધાસભર શહેરી જીવન



**મહિલા સ્વાવલંબન**
સુરક્ષિત અને સ્વાવલંબી નારીઃ સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'



"૮૦મું સ્વાતંત્ર્ય પર્વ એ દેશની આઝાદીનો મહામહોત્સવ તેમજ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રગૌરવને ઉજવવાનો અવસર છે."

– હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# આણંદના બાકરોલ ખાતે ૬૭.૫૨ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક જિલ્લા જેલનું રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે લોકાર્પણ

**કેદીઓના સર્વાંગી સુધારા અને સુરક્ષા સુવિધાથી સજ્જ: બાકરોલ ખાતે ૩૭૦ ની ક્ષમતા ધરાવતી નવીન જિલ્લા જેલનું લોકાર્પણ કરાયું**





ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા આણંદ જેલ અને નડિયાદ જેલ ખાતેના કક્ષા સી-૦૮ તથા બી-૧૬ પોલીસ આવાસોનું ઇ-લોકાર્પણ

કમલમ્,આણંદ,

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા આણંદ જિલ્લાના બાકરોલ ખાતે ૬૭.૫૨ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક જિલ્લા જેલ તથા નડિયાદ જિલ્લા જેલ, બિલોદરા ખાતે ૬૯૮.૪૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ કક્ષા સી-૦૮ તથા બી-૧૬ (પી+૬) નવનિર્મિત પોલીસ આવાસોનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી સર્વ શ્રી રમણભાઈ સોલંકી, શ્રી કમલેશભાઈ પટેલ, સંજયસિંહ મહિડા, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવેલ આણંદ જિલ્લાના બાકરોલ ખાતે નવનિર્મિત જિલ્લા જેલનું બાંધકામ વીજળીકરણ સહિત કુલ અંદાજિત રૂ. ૬૭.૫ ૨કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે. ૧,૨૦,૦૦૦ ચોરસ મીટરના કુલ સાઈટ વિસ્તાર અને ૧૬૩૫૬.૧૦. ચોરસ મીટરના બિલ્ટઅપ એરિયામાં ફેલાયેલી આ જેલમાં પુરુષ કેદીઓ માટે ૩૩૦ અને મહિલા કેદીઓ માટે ૪૦ મળી કુલ ૩૭૦ કેદીઓને રાખવાની આધુનિક ક્ષમતા ઊભી કરવામાં આવી છે. જેલ માત્ર શિક્ષાત્મક નહી પરંતુ સુધારાત્મક ગૃહ બને તેવા અભિગમ સાથે આ નવનિર્મિત જેલ સંકુલમાં કેદીઓ માટે વોકેશનલ ટ્રેનિંગ, લીગલ એઈડ, સ્ટડી સેન્ટર અને લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત કેદીઓના સર્વાંગી વિકાસ માટે ઈનડોર ગેમ્સ, કલ્ચરલ હોલ, મેડિટેશન હોલ તથા ઓપન એર થિયેટર જેવી સુવિધાઓ તેમજ હોસ્પિટલ, કેન્ટીન, લોન્ડ્રી, બાર્બર શોપ અને વેલ્ફેર ઓફિસ જેવી દૈનિક જરૂરિયાતોની વ્યવસ્થા પણ ઊભી કરાઈ છે. જેલ સંકુલમાં જેલ સુરક્ષા અને તકેદારીને ધ્યાનમાં રાખીને અદ્યતન હાર્ડકોર બેરેક, મહિલા બેરેક, અંડર ટ્રાયલ બેરેકની સાથે વોચ ટાવર, વિડિયો કોન્ફરન્સિંગ સુવિધા ધરાવતો કોર્ટ રૂમ અને એસ.આર.પી. બેરેકની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સંકુલમાં વહીવટી બિલ્ડિંગ અને કિચન-ડાઈનિંગ હોલની આધુનિક સગવડોથી સુરક્ષા અને સંચાલન બંને વધુ સુદ્રઢ બનશે. આ ઉપરાંત ખેડા જિલ્લાના નડિયાદ જેલ, બિલોદરા ખાતે રૂ. ૬૮૯.૪૫ લાખના ખર્ચે નવનિર્મિત સી-૦૮ અને બી-૧૬ કક્ષાના ક્વાટર્સનું પણ નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લિફ્ટ, ફાયર ફાઈટિંગ જેવી તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ આ આવાસોથી પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોને ઉત્કૃષ્ટ રહેઠાણ સુવિધા મળશે. બાકરોલ જેલ સંકુલમાં જેલ સ્ટાફ અધિકારીઓ અને કર્મચારીઓના રહેણાંક માટે બી-૩૬, સી-૧૨ અને ડી-૦૨ મળી કુલ ૫૦ ક્વાટર્સની સુવિધા પણ તૈયાર કરવામાં આવી છે. આ સંકુલોના લોકાર્પણ બાદ નાયબ મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત અગ્રણીઓએ નવનિર્મિત જેલ સંકુલ, મહિલા યાર્ડ અને હાર્ડકોર સેલની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

# નાનાપોંઢા અને કપરાડામાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની આગેવાનીમાં તિરંગા યાત્રા નીકળી



કમલમ્ વલસાડ,

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવવા વલસાડ જિલ્લાના નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં 'હર ઘર તિરંગા' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની આગેવાની હેઠળ યોજાયેલી આ યાત્રામાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. હાથમાં તિરંગો લઈને નીકળેલી યાત્રાથી સમગ્ર વિસ્તારમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. યાત્રા દરમિયાન "ભારત માતા કી જય" સહિતના દેશભક્તિના નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. રસ્તાની બંને બાજુથી નાગરિકોએ પણ યાત્રાનું સ્વાગત કરી દેશભક્તિની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસનો વલસાડ જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ આ વર્ષે નાનાપોંઢા ખાતે યોજાઈ રહ્યો છે. આ સમગ્ર વલસાડ જિલ્લા માટે ગૌરવની બાબત છે. આપણા દેશની આઝાદી માટે અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન અને સર્વસ્વ સમર્પિત કર્યું છે. તેમના બલિદાનને યાદ કરીને આપણે દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. નાનાપોંઢા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય દિવસનો કાર્યક્રમ સમગ્ર વિસ્તાર માટે ગૌરવપૂર્ણ પ્રસંગ બનશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહે અને રાષ્ટ્રીય પર્વની ઉજવણીને ભવ્ય બનાવે તે માટે તેમણે સૌને આમંત્રણ આપ્યું હતું. ધારાસભ્યશ્રીએ વધુમાં જણાવ્યું કે, સ્વાતંત્ર્ય દિવસ માત્ર ધ્વજવંદન કે એક દિવસની ઉજવણી પૂરતો મર્યાદિત ન રહેવો જોઈએ. આ દિવસ આપણને દેશ પ્રત્યેની ફરજ, જવાબદારી અને રાષ્ટ્રીય એકતાનો સંકલ્પ કરાવે છે. દરેક નાગરિકે પોતાના ક્ષેત્રમાં પ્રમાણિકતા અને જવાબદારી સાથે કાર્ય કરીને દેશની પ્રગતિમાં સહભાગી બનવું જોઈએ.

# ડીસા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સંત રોહિતદાસ ની જન્મ જ્યંતિ નિમિતે મહા આરતી રખાઈ





કમલમ્,

સંત શ્રી રોહિદાસ ની જન્મ જયંતિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લાની સૂચના મુજબ આજે ડીસા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સંત શ્રી રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મ જયંતી ની ઉજવણી નિમિત્તે આજરોજ સાઈબાબા મંદિર ખાતે ડીસા શહેર ભાજપ પ્રભારી શ્રી નિલેશભાઈ મોદી ની વિશેષ ઉપસ્થિતિમાં રવિદાસ મહારાજની ભવ્ય આરતી નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ડીસા શહેર ભાજપ ના પ્રમુખ શ્રીમતી ડો. વર્ષાબેન પટેલ, ડીસા નગરપાલિકાના પ્રમુખ શ્રી કૌશિકભાઈ સાધુ, મહામંત્રી શ્રી નરસિંહભાઈ વાઢેર, મહામંત્રી શ્રી રમેશભાઈ મેવાડા, ડીસા શહેરના પૂર્વ પ્રમુખ શ્રી રમેશભાઈ દેલવાડીયા, ડીસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી રાજુભાઈ ઠક્કર, હોદ્દેદારો શ્રી,તમામ મોરચાના પ્રમુખ શ્રી, મહામંત્રીશ્રી, પૂર્વ હોદ્દેદારશ્રી, શહેર ભાજપ ના અગ્રણીશ્રીઓ, કારોબારી સભ્યો, શક્તિ કેન્દ્ર ના સંયોજકશ્રી,બુથ પ્રમુખશ્રીઓ હાજર રહ્યા હતા.કાર્યક્રમ ના ઈનચાર્જશ્રી અને સહ ઈનચાર્જશ્રી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તથા આરતી બાદ પ્રસાદ ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાંઈબાબા મંદિર ના ટ્રસ્ટી શ્રી સતીષભાઈ પંચાલ દ્વારા ખૂબ જ સારો સહકાર આપવામાં આવ્યો

# નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપીમાં ભર વરસાદમાં ૪ કિ.મી. લાંબી ભવ્ય તિરંગા યાત્રા નીકળી, ૪૫૦૦થી વધુ લોકો જોડાયા

**'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની પણ ઉજવણી કરાઈ**



**સામાન્ય નાગરિક પણ તિરંગાને શાનથી લહેરાવી શકે તેવુ આયોજન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

કમલમ્ વલસાડ,

રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં વાપીમાં ચાર કિ.મી. લાંબી જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા ભર વરસાદમાં નીકળી હતી. આ તિરંગા યાત્રામાં ૨૫ સ્કૂલના ૩૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ નગરજનો મળી કુલ ૪૫૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા. વાપીવાસીઓએ તિરંગા યાત્રા પર ઠેરઠેર પુષ્પવર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કરી "ભારત માતા કી જય", "વંદે માતરમ" અને "જય હિંદ"ના ગગનભેદી નારા લગાવતા સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો. વલસાડ જિલ્લામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે દેશની યુવા પેઢી આઝાદીનું મૂલ્ય સમજે અને આઝાદીની લડતમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોની શહાદતને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવા માટે દર વર્ષે તિરંગા યાત્રાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે વાપી ખાતે રાષ્ટ્રપ્રેમ અને એકતાના પ્રતિક સમી જિલ્લા કક્ષાની 'તિરંગા યાત્રા'નું આયોજન જિલ્લા વહીવટી તંત્ર અને વાપી મહાનગરપાલિકા દ્વારા સંયુક્તરૂપે કરવામાં આવ્યું હતું. જેમાં 'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે નીકળેલી જિલ્લા કક્ષાની આ તિરંગા યાત્રાના આયોજન બદલ વાપી મનપા અને જિલ્લા વહીવટી તંત્ર અભિનંદનને પાત્ર છે. આજે ભર વરસાદમાં પણ વાપીવાસીઓ અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત છે તે રાષ્ટ્ર પ્રત્યેનો તેમનો અદમ્ય પ્રેમના દર્શન કરાવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તિરંગાને સરકારી કચેરીઓ અને વિશિષ્ટ સ્થળો પરથી બહાર કાઢી સામાન્ય નાગરિક પણ તિરંગાને શાનથી લહેરાવી શકે તેવુ આયોજન કર્યુ છે જે બદલ આપણે વડાપ્રધાનશ્રીનો આભાર માનીએ છે. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વલસાડ જિલ્લા તિરંગા યાત્રાને સવારે ૯.૦૦ કલાકે વાપીના શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. જે તેના નિર્ધારિત રૂટ મુજબ શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શરૂ થઈને વંદેમાતરમ ચોક, રોટરી સર્કલ અને મા ફાઉન્ડેશન સર્કલ થઈને શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે સંપન્ન થઈ હતી. ભવ્ય તિરંગા યાત્રામાં પોલીસ બેન્ડ, ઘોડેસવાર પોલીસ જવાનો અને બુલેટ રાઈડર્સની ટીમે પણ આકર્ષણ જગાવ્યું હતું. યાત્રામાં જોડાયેલા દરેકના હાથમાં તિરંગો લહેરાતો જોઈ વાપી તિરંગામય બન્યુ હતું.

આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણીમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયરશ્રી દક્ષાબેન પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, ડે. મેયરશ્રી મિતેશ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી સતિષ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, વાપી મનપા કમિશ્નરશ્રી એન.એફ.ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રીશ્રી કમલેશ પટેલ અને વાપી શહેર સંગઠનના પ્રમુખશ્રી મનીષ દેસાઈ સહિત મોટી સંખ્યામાં વાપીવાસીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કુવારા સર્કલથી વરસતા વરસાદમાં 'તિરંગા યાત્રા' યોજાઈ

**નવસારી શહેરમાં કુવારા સર્કલથી સર્કીટ હાઉસ સુધી તિરંગો લહેરાયો**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન આજે દેશવ્યાપી જનઆંદોલન બન્યું છે: આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ**

**દેશભક્તિના રંગમાં રંગાયું નવસારી : ભવ્ય તિરંગા યાત્રામાં જોવા મળ્યો નવસારીવાસીઓનો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ**



સર્કિટ હાઉસ સર્કલ ખાતે મોટેરાઓએ ગાંધીજીની પ્રતિમાને ફૂલહાર કરીને અને યુવાનોએ દેશભક્તિના ગીતોના તાલે ઝૂમી તિરંગાનું સન્માન કર્યું

કમલમ્,નવસારી

દેશવાસીઓના હૃદયમાં વંદે માતરમની ભાવનાને સમર્પિત કરવા પ્રખર રાષ્ટ્ર ભક્તિનું નિર્માણ થાય અને દેશવાસીઓ પોતાના કર્તવ્ય અને નિષ્ઠા પ્રત્યે વધુ સભાન બને તે હેતુથી નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે નવસારી શહેરના ફુવારા સર્કલથી સર્કીટ હાઉસ સુધી ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ હતી. વંદેમાતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશની સરહદો પર કપરા સંજોગોમાં દેશની સુરક્ષા માટે તત્પર રહેતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને રાષ્ટ્રપ્રેમ ઉજાગર કરવા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રામાં આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર ઉદ્યોગ વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા, કલેક્ટર શ્રી મનીષ ગુરવાની, મ્યુ.કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, વાંસદા પ્રાયોજના વહીવટદારશ્રી સ્વપ્નીલ સિસલે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ તેમજ અન્ય અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા. નવસારીની તિરંગા યાત્રામાં ૨ કિલોમીટર સુધી કોલેજોના યુવાનો, એન.એસ.એસની ટીમ, એન.સી.સી કેડેટ્સ, ટ્રાફિક પોલીસ, હોમગાર્ડના જવાનો, મહિલાઓ અને વડીલો હાથમાં તિરંગો લઈને જોડાયા હતા. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન આજે દેશવ્યાપી જનઆંદોલન બન્યું છે. ગરમી હોય કે ધોધમાર વરસાદ, કડકડતી ઠંડી હોય કે કપરા સંજોગો, આપણા વીર જવાનો દેશની સુરક્ષા માટે અડીખમ ઊભા રહે છે, ત્યારે આવા વીર જવાનો અને તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે. તિરંગાની પવિત્રતા અને ગૌરવ જાળવવા અંગે અનુરોધ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, તિરંગો હંમેશાં ઊંચો જ લહેરાવવો જોઈએ. ઉત્સાહમાં કે અજાણતાં પણ તિરંગો રસ્તા પર ન પડે તેની સૌએ ખાસ કાળજી રાખવાની હિમાયત કરી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ભવ્ય તિરંગા યાત્રા ફુવારા સર્કલથી પ્રસ્થાન થઈને ગોલવાડ ચોક, લક્ષ્મણ હોલ સર્કલ ટાવર, સયાજી વૈભવ લાઈબ્રેરી રોડ, જુનાથાણા સર્કલ અને લુન્સીકુઈ સર્કલ જેવા શહેરના પ્રમુખ માર્ગો પરથી પસાર થઈને સર્કિટ હાઉસ સર્કલ ખાતે ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. સમગ્ર રૂટને તિરંગાના રંગો અને દેશભક્તિના ગીતોથી ગુંજતો કરવામાં આવ્યો હતો. આ ભવ્ય તિરંગા યાત્રામાં નવસારી મહાનગરપાલિકાના મેયર શ્રી અશોકભાઈ ધોરાજીયા, નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક, નવસારીના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.



કમલમ્,

રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે તેમજ રાષ્ટ્રધ્વજના સન્માનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વતંત્રતા સપ્તાહ અંતર્ગત "હર ઘર તિરંગા, વંદે માતરમ્ ના ૧૫૦ વર્ષ" ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે શહેરમાં એક ભવ્ય અને ઉત્સાહસભર 'તિરંગા યાત્રા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા વાય જંકશન (ડુમસ રોડ) થી પ્રારંભ થઈને લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં નગરજનો રાષ્ટ્રભક્તિના રંગે રંગાયા હતા. આ ભવ્ય તિરંગા યાત્રામાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી તેમજ સુરતના મેયર શ્રીમતી માયાબેન માવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, સુરત ક્ષેત્રના સાંસદસભ્યો, ધારાસભ્યો, સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી સુધાકર ચૌધરી, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રાજન પટેલ, શાસક પક્ષના નેતા, દંડક, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ પરમાર (IAS) તેમજ કોર્પોરેશનના પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આખી યાત્રા દરમિયાન દેશભક્તિના નારા અને તિરંગાના લહેરાવ સાથે સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બની ગયું હતું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028